મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૨ ટકા

ગાંધીનગર તાપમાન

ડુંગળીના ભાવમાં પુનઃ ભડકો

ગાંધીનગર, તા.૨૧

છેલ્લા કેટલાક દિવસથી ડુંગળીના ભાવ વધઘટ થતા જોવા મળી રહ્યા છે. થોડા દિવસ પહેલા જ શહેરમાં ડુંગળીના ભાવમાં પચાસ ટકા જેટલો ઘટાડો થયો હતો. પરંતુ હવે ફરીથી ડુંગળીના ભાવ ૧૦૦ થી ૧૨૦ રૂપિયા થઈ ગયા છે. ડુંગળીની આયાત થઈ હોવા છતાં બજારમાં જથ્થો ન હોવાથી ભાવમાં વધારો જણાઈ રહ્યો છે.

શહેરમાં ડુંગળીના ભાવમાં ફરીથી વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળી ચર્ચામાં છે. ડુંગળીને લઈને શહેરમાં ભેટ આપવાય ડુંગળીનો ઉપયોગ કરવો તેવી ટીખળ પણ થઈ રહી હતી. ડુંગળી એક સમયનો ટ્રેન્ડિંગ ટોપીક રહ્યો હતો. ડુંગળીના ભાવ વધવાથી શહેરીજનો હવે ચિંતામાં મુકાયા છે. જયારે ભાવમાં વધારો થયો ત્યારથી લઈ ગૃહિણીઓ ઘરમાં ડુંગળી લાવવી કે કેમ? તે વિચારમાં હતી અને રેસ્ટોરન્ટમાં તો ડુંગળીનું નામોનિશાન જોવા મળતું ન હતું. ત્યારે હાલના દિવસોમાં પણ ડુંગળી પ્રમાણમાં રેસ્ટોરન્ટમાં ઓછી જ જોવા મળી રહી છે. ત્યારે પાછા ભાવ વધતા રેસ્ટોરન્ટ ધારકો અને ગૃહિણીઓ

ચિંતામાં મુકાયા છે. ખાસ ગૃહિણીઓ એ અસમંજસમાં છે કે, હવે ડુંગળી ખરીદવી કે કેમ? ઘણાનું કહેવું છે કે, જેવો ભાવ ઘટે ડુંગળીને સ્ટોર કરી લેવી છે પછી વાંધો જ નહિ અને શહેરના વેપારીઓ કહી રહ્યા છે કે, અમે પણ આ ભાવ વધારા ઘટાડાથી કંટાળ્યા છીએ. જથ્થો ખરીદવો કે નહિ અને ખરીદી કરીએ તો વેચાશે કે નહિ તેની પણ અમને ખાતરી છે નહીં. ગ્રાહકો જો ૫૦૦ ગ્રામની જરૂર હોય તો ૨૫૦ ગ્રામ ખરીદે છે અને ૧ કિલોની જરૂર હોય તો ૫૦૦ ગ્રામ ખરીદે છે. હવે અમને ગણતરી જ ન હોય તો અમે બજારમાંથી જથ્થાની ખરીદી કઈ રીતે કરીએ? આમ, એક ડુંગળીએ શહેરીજનો, વેપારીઓ, ગૃહિણીઓ તથા રેસ્ટોરન્ટધારકોને ચિંતામાં મુકયા છે.

સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ખેલ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની શાળાઓ દ્વારા સંયુકત રીતે ત્રિ દિવસીય ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠકકર, ગુજરાતી માધ્યમના આચાર્ય નિર્મલ પટેલ, અંગ્રેજી માધ્યમના આચાર્યા અર્પણાબેન તથા પ્રિતીબેન ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ખેલ મહોત્સવમાં ૧૦૦થી વધુ બાલિકાઓ દ્વારા સમુહ ડિસ્પ્લે ડાન્સ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. શાળાના પાંચેય મેદાન પર બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. અને વિજેતા બાળકોને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે શાળાના લોગો સાથેના બલૂન્સ આકાશમાં છોડવામાં આવ્યા હતા. જુનિયર કેજીથી માંડીને ધોરણ-૩માં અભ્યાસ કરતા બાળકોએ અવનવી રમતોમાં ભાગ લીધો હતો. આ ખેલ મહોત્સવમાં બાળકો ઉપરાંત વાલીઓ માટે પણ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લઈ વાલીઓએ પોતાના બાળપણની યાદો તાજી કરી હતી.

સે-૨૮માં દારૂની ૪૧ બોટલો સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૧

સે-૨૮માં 'છ' ટાઈપના એક મકાનમાં પોલીસે રેડ કરી વિદેશી દારૂની ૪૧ બોટલો સાથે એક યુવકને પોલીસે ઝડપી લીધો હતો.

ગાંધીનગરમાં સેક્ટર-૨૮માં યુવક પાસેથી દારૂની ૪૧ બોટલો ઝડપાઈ છે. એલસીબી-૨ પીએસઆઈ પી. એન. પઢીયાર સ્ટાફ સાથે પેટ્રોલિંગ હતા ત્યારે હેડકોન્સ્ટેબલ હસમુખભાઈને બાતમી મળી હતી. જેના આધારે એલસીબીએ સેક્ટર-૨૮, બ્લોક નંબર ૨૨/૧ છ ટાઈપ ખાતે રેડ કરી હતી. જ્યાં રહેતાં અમિત સીતારામ પવારને ઝડપી લઈને પોલીસે ઘરમાં તપાસ કરી હતી. જેમાં બેડરૂમમાં પલંગ નીચે વિદેશી દારૂની ૪૧ બોટલો મળી આવી હતી. દારૂના જથ્થા અંગે પૂછતા અમિતે કહ્યું હતું કે, રાજસ્થાન ખાતે રહેતો મનદીપસિંહ આઝાદસીંગ (જાખલ, ઝુઝુંનુ) ત્રણ દિવસ પહેલાં પોતાની અલ્ટો કારમાં દારૂનો જથ્થો આપી ગયો હોવાની કબૂલાત કરી હતી. દારૂ અમિત છૂટક વેચાણ કરવાનો હતો જો કે, તે પહેલાં તે પોલીસના હાથ ઝડપાઈ ગયો હતો. એલસીબીએ ૨૦,૫૦૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી ઝડપાયે આરોપી અને દારૂનો જથ્થો આપનાર બંને વિરૂદ્ધ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

સોમવારે એન.આર.સી. તરફેણમાં રેલી યોજાશે

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં લોકસભામાં પાસ થયેલ એન.આર.સી.ના બીલની તરફેણ કરવા માટે મધુર પરિવાર વતીથી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય રેલી તા. ૨૩ ડિસેમ્બરના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે મધુર ડેરીના મેઈન ગેટથી નીકળશે અને મહાત્મા મંદિર ખાતે ભવ્ય સભાના રૂપમાં પૂર્ણ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દ્વારા આજુબાજુના ગામડાઓના વિસ્તારોમાં રહેતા દરેક વ્યકિતઓ તથા શહેરીજનોને રેલીમાં જોડાવા અપીલ કરવામાં આવે છે.

મંગળવારે યોજાનાર બંકિમ પાઠક ઓરકેસ્ટ્રા કાર્યક્રમના નિઃશુલ્ક પાસનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

ન્યુ ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા હિન્દી ફિલ્મી જગતના મહાન ગાયક કલાકાર સ્વ. મોહમ્મદ રફીને તેમની ૯૫મી જન્મજયંતિએ સ્વરાંજલિ અર્પણ કરવાના હેતુસર તા. ૨૪મી ડિસેમ્બર મંગળવારના રોજ રાત્રે ૯ કલાકે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે 'વોઈસ ઓફ મો. રફી' તરીકે જાણીતા સુપ્રસિધ્ધ ગાયક બંકિમ પાઠક લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો વિના મૂલ્યે લાભ લેવા શહેરના સંગીત રસિયા શ્રોતાઓને નિઃશુલ્ક પ્રવેશ પાસ કુડાસણમાં મારૂતિ નેક્ષા શો રૂમ પાસે સનરાઈઝ આર્કેડના પહેલા માળે આવેલા શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતેથી મેળવી શકાશે. કાર્યક્રમ અંગે વધુ વિગતો માટે મો. નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધી શકાશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ચંદ્રાલા પાસે પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી દારૂ ભરેલી કાર ઝડપી

ગાંધીનગર, તા.૨૧

ચિલોડા હિંમતનગર હાઈ-વે પર પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ચંદ્રાલા ગામ પાસે એક કારમાંથી ૩૧૫ દારૂની બોટલોનો જથ્થો પકડી પાડયો છે. દારૂનો આ જથ્થો ન્યુ યર સેલીબ્રેશનને અનુલક્ષીને હરિયાણાથી અમદાવાદ લઈ જવાતો હોવાનું જાણવા મળ્યું છે.

ચિલોડો પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ, કોન્સ્ટેબલ રમણજી તથા હોમગાર્ડના બે જવાનો શનિવારે ૭ વાગ્યે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગમાં હતા. આ દરમિયાન DL-IC- J-7166 નંબર લખેલી ફોર્ડ એન્ડ્યુવર ગાડી આવી હતી. જેને રોકાવા માટે ઈશારો કરતાં તેણે ગાડી રોકી ન હતી. જેથી પોલીસે પ્રાઈવેટ વાહનમાં તેનો પીછો કર્યો હતો. જેમાં થોડે આગળ જઈને ગાડી ઉભી રાખીને ચાલક ભાગવા લાગતા પોલીસે તેને દોડીને ઝડપી લીધો હતો. જેનું નામ પૂછતાં તે હરિયાણાના રોહતકના સમચાણા ગામનો ૧૯ વર્ષીય દીપક કિશન જાટ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કાર ચેક કરતાં પાછળના ભાગે તથા દરવાજાનો પડખાઓમાં ચોરખાનામાં દારૂનો જથ્થો ભરેલો હતો. જેમાં ૩૧૫ બોટલો ઝડપાઈ હતી જોકે બોટલો પર કોઈપણ પ્રકારનું લેબલ લાગેલું ન હતું. દારૂના જથ્થા અંગે પૂછતા તેણે હરીયાણાના બહાદુરગઢના મોહિત ફોગાટે દારૂ ભરી આપ્યો હોવાનો અને અમદાવાદ ગેલેક્ષી સિનેમા આગળ ઉભા રહેવાનું કહ્યું હતું. જોકે, દારૂનો જથ્થો કોને પહોંચાડવાનો હતો તે આરોપી જાણતો નથી. ચિલોડા પોલીસે ૧૧૦૨૫૦ કિંમતનો દારૂનો જથ્થો અને કાર મળી ૪૧૦૨૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને બંને સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. પોલીસે દારૂનો જથ્થો ભરી આપનાર મોહિત ફોગાટને ઝડપી લેવા સાથે અમદાવાદમાં દારૂનો જથ્થો કોણે મંગાવ્યો હતો તે દિશામાં તપાસ શરૂ કરી છે.

પ્રિટી વુમન્સ કલબ દ્વારા મ્યુઝિકલ હાઉસી યોજાઈ હતી. જેમાં લગભગ ૬૦૦ જેટલી વધુ બહેનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત કલબની બહેનો દ્વારા હેલ્લારો ગીત ઉપર કૃતિ રજૂ કરવામાં આવી હતી. અહીં કુલ ત્રણ રાઉન્ડમાં જીતનારને ઈનામ આપવામાં આવ્યા હતા.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ધર્નુમાસ અંતર્ગત આનંદીમાનો વડલો વૃધ્ધાશ્રમ ખાતે પગના મોજા, ચિક્કી, સાબુ અને તેલ જેવી જીવન જરૂરી ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગાંઠયાનો નાસ્તો કરાવી ધૂન કરવામાં આવી હતી.

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર તથા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દહેગામના સંયુકત ઉપક્રમે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામ ખાતે નિઃશુલ્ક નેત્રનિદાન કેમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કેમ્પમાં અનુભવી ડૉ. ચતુરભાઈ પટેલ, ડૉ. ઉર્વીશ પારેખ, ડૉ. ગિરિશ પટેલ દ્વારા કુલ ૨૪૦ દર્દીઓની આંખોની ચકાસણી કરી તે પૈકી ૨૦૪ દર્દીઓને ૨૦ રૂ.ના રાહત દરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યા હતા. ૧૬ દર્દીઓને મોતિયાનું નિદાન થતાં આણંદ જિલ્લાના મોગર ગામ ખાતે સ્થિત સંકરા હોસ્પિટલમાં નિઃશુલ્ક કૃત્રિમ નેત્રમણી નાંખવાની વ્યવસ્થા કરાઈ હતી.

આ સાથે ૧૮મી ડિસેમ્બરના રોજ દહેગામ તાલુકાના કડમેદરા ગામ ખાતે આયોજિત નેત્ર નિદાન કેમ્પમાં ૨૬૦ દર્દીઓની આંખોની ચકાસણી કરી ૨૧૦ દર્દીઓને ૨૦ રૂ.ના રાહત દરે ચશ્મા વિતરણ કરાયા હતા. ૧૪ દર્દીઓને મોતિયાનું નિદાન થતાં આણંદ જિલ્લાના મોગર ગામ ખાતે સ્થિત સંકરા હોસ્પિટલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવી હતી. ઉપરોકત કેમ્પમાં ગાયત્રી પરિવાર ગાંધીનગર અને દહેગામના પરિજનોએ પ્રશંસનીય સેવા આપી હતી.

ગાંધીનગર ખાતે IITEનો દ્વિતીય દિક્ષાંત સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૨૧

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદીર, ગાંધીનગર ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE)નો દ્વિતીય પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં રાજ્યપાલશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે વિવિધ ફેકલ્ટીના ૨૭૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સ્થિત ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના દ્વિતીય પદવીદાન સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓને પદવીદાન કરતાં જણાવ્યું હતું કે, માતા-પિતા બાળકને જન્મ આપે છે, જ્યારે શિક્ષક તે બાળકને સંસ્કારવાન બનાવી જીવન જીવવાનો માર્ગ બતાવે છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ IITEમાંથી ડિગ્રી, ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં કહ્યું કે, શિક્ષક હંમેશ માટે વિદ્યાર્થી જ છે તેણે સતત ભણતા રહેવું જોઈએ, એનું શ્રેષ્ઠ ઉદાહરણ કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલે પૂરૂ પાડયું છે એમને પણ તેઓએ ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

IITEના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલે કહ્યું હતું કે, પદવીદાન બાદ આપ સમાજમાં જઈ રહ્યા છો ત્યારે આપણી વ્યવસાયી સજ્જતા અને સમાજ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ૨૭૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

માટે કટિબદ્ધતા હોવી જરૂરી છે. મૂલ્યનિષ્ઠા અને નૈતિક મૂલ્યો સાથે કાર્ય કરવા પદવીધારી છાત્રોને કુલપતિશ્રીએ આ પ્રસંગે આહવાન કરીને તમામને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે શિક્ષણના આગ્રહી એવા IITEના કુલપતિ શ્રી ડૉ હર્ષદ પટેલે પણ અન્ય વિદ્યાર્થીઓની સાથે એમ.એ. ઈન એજ્યુકેશનની પદવી પ્રાપ્ત કરીને અન્ય વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવતું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે ૨૭૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. તેમજ તમામ ફેકલ્ટીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ વિજેતાને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE) ગાંધીનગરના ડીન ડૉ. કલ્પેશ પાઠક, IITEના એકેડેમિક અને એકયુઝકેટિવ કાઉન્સિલના સભ્યો, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. મધુસૂદન મકવાણા, વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, શિક્ષણવિદો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

દબંગ-૩
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫

મર્દાની-૨
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫

પતિ પત્નિ ઔર વો
૨.૪૦, ૭.૩૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

દબંગ-૩
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦

પતિ પત્નિ ઔર વો
૧૨.૨૫, ૧૦.૩૦

મર્દાની - ૨
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

સિટી પલ્સ, કુડાસણ

દબંગ-૩
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

મર્દાની
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

પતિ, પત્નિ ઔર વો
૨.૪૫, ૭.૩૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

દબંગ-૩
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી) ૨.૦૦, ૭.૧૫

મર્દાની-૨
૪.૪૫

પતિ પત્નિ ઔર વો
૫.૩૦

નાતાલ વેકેશન દરમિયાન આર્ટ ઓફ લિવીંગ હેપીનેસ અને ઉત્કર્ષ યોગા કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લિવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા નાતાલ વેકેશનને અનુલક્ષીને તા. ૨૭થી ૨૯ ડિસેમ્બર દરમિયાન મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, ૮મો માળ સે-૧૧ ખાતે આર્ટ ઓફ લિવીંગનો કાર્યક્રમ યોજાશે. જેમાં માર્ગદર્શન સિનિયર શિક્ષિકા સ્મિતાબેન પટેલ દ્વારા આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે મો. ૯૯૨૫૨ ૧૦૩૬૦, ૯૮૨૫૦ ૪૭૯૭૦ પર સંપર્ક કરવા જણાવાયું છે. આ સંસ્થા દ્વારા તા. ૨૮ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી દરમિયાન ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન ૧૨-એ, સોહમ યોગા કલાસીસ, કુડાસણ ખાતે ઉત્કર્ષ યોગાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરોમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, ચિલ્ડ્રન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, જવાબદારી સમજવાની વૃત્તિ, માનસિક શાંતિ, આંતરિક વિકાસ જેવી ઘણી બાબતોને ધ્યાનમાં લઈ માર્ગદર્શન અપાય છે. આ શિબિરમાં ભાગ લેવા તથા વધુ માહિતી માટે શિબિર સ્થળ પર અથવા આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩ ૦૦૩૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

ચિરવિદાય

● સ્વ. ગજીબેન રેવાજી ઠાકોર, ઉ.વ. ૭૫

● સ્વ. વસંતબેન પ્રાણલાલ શાહ, ઉ.વ. ૯૭